# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 01-05-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **યશ્વી મહેતા** વાંચે છે.

*****************************************************

1. **બુદ્ધ પૂર્ણિમાના અવસર પર કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે લેહના જીવત્સલ ખાતે ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોના પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું.**
2. **નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરોએ મુંબઈમાં 1 હજાર 745 કરોડ રૂપિયાની કિંમતનું 349 કિલોગ્રામ હાઇ-ગ્રેડ કોકેન જપ્ત કરીને એક મોટી આંતરરાષ્ટ્રીય નાર્કોટિક્સ રેંક પર કાર્યવાહી કરી.**
3. **આ વર્ષે એપ્રિલમાં કુલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) કલેક્શન ગયા વર્ષના આ જ મહિનાની સરખામણીમાં 8.7 ટકા વધીને બે લાખ ૪૨ હજાર કરોડ રૂપિયાથી વધુ થયું.**
4. **ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડે જણાવ્યું છે કે પેટ્રોલ અને ડીઝલના છૂટક ભાવમાં કોઈ ફેરફાર થયો નથી.**
5. **ગુજરાત અને મહારાષ્ટ્રના  સ્થાપના દિન નિમિત્તે રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ અને પ્રધાનમંત્રીએ શુભેચ્છાઓ પાછવી.**
6. **IPL ક્રિકેટમાં, રાજસ્થાન રોયલ્સ આજે સાંજે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે.**

.........................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી  સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# AMIT SHAH – LEH

બુદ્ધ પૂર્ણિમાના અવસર પર, ગૃહમંત્રી અમિત શાહે આજે લેહના જીવત્સલ ખાતે ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોના પ્રદર્શનનું ઉદ્ઘાટન કર્યું.

બુદ્ધ પૂર્ણિમાની શુભકામનાઓ આપતા શ્રી શાહે લદ્દાખના લોકોને જણાવ્યું હતું કે 75 વર્ષ પછી, આ પવિત્ર અવશેષો લદ્દાખમાં આવ્યા છે. ગૃહમંત્રીએ કહ્યું કે, ભગવાન બુદ્ધનું જ્ઞાન તેમના 2500 વર્ષ પછી પણ સુસંગત છે. તેમણે કહ્યું કે આ ફક્ત ધાર્મિક ઘટના નથી પરંતુ એક ઐતિહાસિક પુનઃમિલન છે.

(BYTE: અમિત શાહ)

આ પ્રસંગે લદ્દાખના લેફ્ટનન્ટ ગવર્નર વિનય કુમાર સક્સેના, સંસદ સભ્ય મોહમ્મદ હનીફા અને વિવિધ મઠોના વડાઓ હાજર રહ્યા હતા.

આ પહેલી વાર છે જ્યારે આ પવિત્ર અવશેષોને દેશની અંદર પ્રદર્શન માટે તેમના કાયમી સ્થાનની બહાર લાવવામાં આવ્યા છે. ઉલ્લેખનીય છે કે, ભગવાન બુદ્ધના પવિત્ર અવશેષોનું પ્રદર્શન 14 મે સુધી લદ્દાખમાં યોજાશે.આ દરમ્યાન અનેકવિધ સત્રનું પણ આયોજન કરાશે સાંભળીએ એક અહેવાલ

(VC: KRUSHNAKANT)

# BUDDHPURNIMA

દેશભરમાં આજે બુદ્ધ પૂર્ણિમાની ઉજવણી થઈ રહી  છે.વૈશાખ પુર્ણિમાના દિવસે ભગવાન ગૌતમ બુદ્ધનો જન્મ થયો હતો. તેમણે બિહારના બોધગયામાં મહાબોધિ વૃક્ષ નીચે જ્ઞાન પ્રાપ્ત થયું હતું. આજનો દિવસ લોકોમાં શાંતિ, કરુણા અને સાદગીનો સંદેશ પ્રસરાવે છે.

ભારત ઉપરાંત નેપાળ, ભૂતાન, મ્યાનમાર, થાઇલેન્ડ, તિબેટ અને શ્રીલંકા સહિતના દેશોમાં આ દિવસને વિશેષ રીતે ઉજવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂ, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, લોકસભા અધ્યક્ષ ઓમ બિરલા અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે આજે બુદ્ધ પૂર્ણિમાના અવસર પર નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી છે.

રાષ્ટ્રપતિ મુર્મુએ પોતાના સંદેશમાં કહ્યું કે આ પવિત્ર દિવસ ભગવાન બુદ્ધના પૃથ્વી પર આગમન, જ્ઞાન પ્રાપ્તિ અને મહાપરિનિર્વાણની યુગનિર્માણકારી ઘટનાઓને ચિહ્નિત કરે છે.

સોશિયલ મીડિયા પોસ્ટમાં પ્રધાનમંત્રીએ કહ્યું, ભગવાન બુદ્ધના આદર્શોને સાકાર કરવા માટે સરકારની પ્રતિબદ્ધતા ખૂબ જ મજબૂત છે. તેમણે આશા વ્યક્ત કરી કે ભગવાન બુદ્ધના વિચારો સમાજમાં આનંદ અને એકતાની ભાવનાને વધુ ગહન બનાવશે.

લોકસભાના અધ્યક્ષ ઓમ બિરલાએ પોતાના સંદેશમાં કહ્યું કે, વૈશાખની પૂર્ણિમાએ ફક્ત એક તહેવાર નથી, પરંતુ આત્મચિંતન, જાગૃતિ, આધ્યાત્મિકતા અને માનવતાના માર્ગ પર સતત ચાલવાનો સંકલ્પ છે. કેન્દ્રીય ગૃહમંત્રીએ કહ્યું, ભગવાન બુદ્ધનું જીવન આપણને સત્ય, અહિંસા અને કરુણાના માર્ગ પર ચાલીને માનવતાના કલ્યાણ માટે સતત પ્રયત્નશીલ રહેવાની પ્રેરણા આપે છે.

# AMIT SHAH- NARCOTICS

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો (NCB) એ મુંબઈમાં 1 હજાર 745 કરોડ રૂપિયાની કિંમતનું 349 કિલોગ્રામ હાઇ-ગ્રેડ કોકેન જપ્ત કરીને એક મોટી આંતરરાષ્ટ્રીય નાર્કોટિક્સ રેંક પર કાર્યવાહી કરી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં , શ્રી શાહે કહ્યું કે આ પાયાના સ્તરથી ટોચની કાર્યવાહીનું ઉત્તમ ઉદાહરણ છે, જ્યાં બ્યુરોએ એક નાનું કન્સાઈનમેન્ટ શોધીને એક વિશાળ નેટવર્કનો નાશ કર્યો. તેમણે આ ઐતિહાસિક સફળતા માટે નાર્કોટિક્સ કંટ્રોલ બ્યુરો ટીમને અભિનંદન આપ્યા. ગૃહમંત્રીએ કહ્યું કે સરકાર ડ્રગ કાર્ટેલને નાબૂદ કરવા માટે પ્રતિબદ્ધ છે.

# GST COLLECTION-APRIL

આ વર્ષે એપ્રિલમાં કુલ ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (GST) કલેક્શન ગયા વર્ષના આ જ મહિનાની સરખામણીમાં 8.7 ટકા વધીને બે લાખ 42 હજાર કરોડ રૂપિયાથી વધુ થયું છે. એપ્રિલ 2025માં કુલ GST કલેક્શન બે લાખ 23 હજાર કરોડ રૂપિયાથી વધુ હતું.

ગયા મહિને એપ્રિલમાં કુલ સેન્ટ્રલ GST કલેક્શન ૫૨ હજાર કરોડ રૂપિયાથી વધુ હતું અને સ્ટેટ GST 61 એક હજાર ત્રણસો કરોડ રૂપિયાથી વધુ હતું. કુલ ઇન્ટિગ્રેટેડ GST, (IGST) કલેક્શન એક લાખ 29 હજાર 232 કરોડ રૂપિયા છે.

# UPI

યુનિફાઇડ પેમેન્ટ્સ ઇન્ટરફેસ -UPI વિશ્વના સૌથી મોટા રીઅલ-ટાઇમ પેમેન્ટ પ્લેટફોર્મ તરીકે ઉભરી આવ્યું છે. જે ભારતના ડિજિટલ અર્થતંત્રને મજબૂત બનાવે છે. 11 એપ્રિલ, 2016ના રોજ શરૂ થયેલ, UPI આજે ભારતના ડિજિટલ અર્થતંત્રની કરોડરજ્જુ તરીકે ઉભું છે. સાંભળીએ એક અહેવાલ.

(VC: MUKESH KUMAR)

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# INDIAN OIL

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડે જણાવ્યું છે કે પેટ્રોલ અને ડીઝલના છૂટકભાવમાં કોઈ ફેરફાર થયો નથી. દેશના કુલ વપરાશમાં સામાન્ય જનતાનો હિસ્સો આશરે 90 ટકા છે. કંપનીએજણાવ્યું હતું કે તેના 33 કરોડ ગ્રાહકો માટે 14 કિલોથી વધુ વજનવાળાઘરેલુ LPG સિલિન્ડરના ભાવમાં કોઈ ફેરફાર થયો નથી.

કંપનીએ એમપણ જણાવ્યું હતું કે સુનિશ્ચિત ફ્લાઇટ્સ ચલાવતી સ્થાનિક એરલાઇન્સ માટે ઉડ્ડયનટર્બાઇન ઇંધણ અને કેરોસીનના ભાવમાં પણ કોઈ ફેરફાર થયો નથી. નિવેદન અનુસાર, ભાવમાં સુધારોપસંદગીના ઔદ્યોગિક ક્ષેત્રો સુધી મર્યાદિત છે, જેનો કુલ વપરાશમાંપ્રમાણમાં નાનો હિસ્સો છે, અને પ્રવર્તમાન આંતરરાષ્ટ્રીય ભાવોના આધારે તેમાં નિયમિત માસિક ગોઠવણો કરવામાં આવે છે. કંપનીના જણાવ્યા અનુસાર, 80 ટકા ઉત્પાદનોના ભાવપર કોઈ અસર થઈ નથી.

# PREZ - VP - PM - GUJARAT DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના સ્થાપના દિવસ નિમિત્તે શુભેચ્છાઓ પાઠવી.

સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે સ્વામી દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પટેલનું જન્મસ્થળ ગુજરાત સામાજિક ઉત્થાન, દેશભક્તિ અને રાષ્ટ્રનિર્માણ માટે ઘણા પ્રેરણાદાયી ઉદાહરણો રજૂ કરે છે. તેમણે કહ્યું કે ગુજરાતના સાહસિક અને પ્રગતિશીલ લોકોએ તેમની મહેનત અને પ્રતિભા દ્વારા વિશ્વમાં ભારતની પ્રતિષ્ઠા વધારી છે. રાષ્ટ્રપતિ મુર્મુએ વિશ્વાસ વ્યક્ત કર્યો કે ગુજરાતના લોકો વિકસિત ભારતના લક્ષ્યને પ્રાપ્ત કરવા અને પ્રગતિની નવી ઊંચાઈઓ સુધી પહોંચવા માટે દૃઢ નિશ્ચય સાથે આગળ વધતા રહેશે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે ઉદ્યોગસાહસિકતા અને નવીનતાની ભાવના માટે પ્રખ્યાત ગુજરાતે ભારતની આર્થિક શક્તિ અને સાંસ્કૃતિક સમૃદ્ધિને આકાર આપવામાં મુખ્ય ભૂમિકા ભજવી છે. તેમણે કહ્યું કે દ્રઢતા અને પ્રગતિશીલ વિચારસરણીનો તેનો વારસો પ્રેરણાદાયક રહે છે.

પ્રધાનમંત્રીએ કહ્યું કે આ દિવસ ગુજરાતના સમૃદ્ધ ઇતિહાસ, જીવંત સંસ્કૃતિ અને અસાધારણ ભાવનાની ઉજવણી કરે છે. ગુજરાતે દેશની પ્રગતિમાં ઉત્કૃષ્ટ યોગદાન આપ્યું છે. શ્રી મોદીએ કહ્યું કે રાજ્યના લોકોનો ગતિશીલ અને ઉદ્યોગસાહસિક સ્વભાવ પ્રશંસનીય છે. તેમણે આશા વ્યક્ત કરી કે ગુજરાત આગામી સમયમાં પ્રગતિની નવી ઊંચાઈઓ સ્પર્શતું રહેશે.

# PREZ - VP- PM - MAHARASHTA DAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણન અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રના સ્થાપના દિવસની શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા સંદેશમાં રાષ્ટ્રપતિએ કહ્યું કે છત્રપતિ શિવાજી મહારાજની પવિત્ર ભૂમિ આપણને દેશભક્તિ, હિંમત અને આત્મસન્માનની પ્રેરણા આપે છે. મહારાષ્ટ્રના મહાન વ્યક્તિઓ, જેમ કે જ્યોતિબા ફૂલે, સાવિત્રીબાઈ ફૂલે, લોકમાન્ય બાલ ગંગાધર તિલક, ગોપાલ કૃષ્ણ ગોખલે અને ડૉ. બાબાસાહેબ આંબેડકર, એ સમાજ અને રાષ્ટ્રને નવી દિશા આપી છે. તેમણે કહ્યું કે મહારાષ્ટ્રના મહેનતુ અને દૃઢનિશ્ચયી લોકો દેશના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહ્યા છે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે મહારાષ્ટ્ર એક સમૃદ્ધ સાંસ્કૃતિક વારસો, સામાજિક સુધારાઓ અને ગતિશીલ પ્રગતિનું પ્રતીક છે. તેમણે ઉમેર્યું કે ઉદ્યોગ, કલા, શિક્ષણ અને જાહેર સેવાના ક્ષેત્રોમાં ભારતના વિકાસમાં મહારાષ્ટ્રનું યોગદાન અમૂલ્ય છે.

પ્રધાનમંત્રીએ નોંધ્યું કે સાહિત્ય, રંગભૂમિ, સંગીત અને સિનેમાથી લઈને ઉદ્યોગ, શિક્ષણ, વિજ્ઞાન અને જાહેર સેવા સુધી, રાજ્યએ ભારતના વિકાસમાં અમીટ યોગદાન આપ્યું છે. શ્રી મોદીએ મહારાષ્ટ્રની સતત પ્રગતિ અને તેના લોકોની સમૃદ્ધિ અને ખુશી માટે શુભેચ્છાઓ વ્યક્ત કરી.

# DAY IPL CRICKET

IPL ક્રિકેટમાં, રાજસ્થાન રોયલ્સ આજે સાંજે જયપુરના સવાઈ માનસિંહ સ્ટેડિયમમાં દિલ્હી કેપિટલ્સ સામે ટકરાશે. આ મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે. હાલમાં, રાજસ્થાન રોયલ્સ પોઈન્ટ ટેબલમાં ચોથા સ્થાને છે જ્યારે દિલ્હી કેપિટલ્સ સાતમા સ્થાને છે.

તો ગઇકાલે અમદાવાદ ખાતે, યજમાન ગુજરાત ટાઇટન્સે રોયલ ચેલેન્જર્સ બેંગલુરુને 4 વિકેટથી હરાવ્યું. 156 રનના લક્ષ્યનો પીછો કરતા, ગુજરાત ટાઇટન્સે 15.5 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 158 રન બનાવ્યા. અગાઉ, બેટિંગમાં ઉતરેલી, રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ 19.2 ઓવરમાં 155 રનમાં ઓલઆઉટ થઈ ગઈ.